# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/043 Dt. 29/07/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા Current Scenario in Health Insurance વિષે સેમિનાર યોજાયો

### આવક અને રોજગાર બંને દૃષ્ટિએ હેલ્થકેર સેકટર ભારતીય અર્થતંત્રના સૌથી મોટા ક્ષેત્રોમાંનું એક છે, જેથી કેન્દ્રીય બજેટમાં હેલ્થકેર સેકટર માટે રૂપિયા ૯૦,૯૫૮.૬૩ કરોડની ફાળવણી કરાઇ છે : ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

### વ્યકિત જો ત્રણ મહિના માટે વિદેશ જાય અને સકુશળ પરત ફરે તો ઓવરસિઝ પોલિસીનું ત્રણ મહિનાનું પ્રિમિયમ નેકસ્ટ પ્રિમિયમમાં એડજસ્ટ થઇ જાય છે : શ્રી માસુદ વહાબ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૭ જુલાઇ ૨૦૨૪ના રોજ સાંજે ૪:૦૦ કલાકે Current Senario in Health Insurance વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં એસિયન ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્સ્યુરન્સ એન્ડ રિસ્ક મેનેજમેન્ટના સિનિયર એડવાઇઝર શ્રી માસુદ વહાબે હેલ્થ ઇન્સ્યુરન્સ વિષે જાણકારી આપી વીમા પોલિસીમાં કવરેજ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

SGCCIના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આવક અને રોજગાર બંને દૃષ્ટિએ જોઇએ તો હેલ્થકેર સેકટર એ ભારતીય અર્થતંત્રના સૌથી મોટા ક્ષેત્રોમાંનું એક છે, જેથી ભારતના નાણાં મંત્રી શ્રીમતી નિર્મલાબેન સીતારમણે કેન્દ્રીય બજેટ ૨૦૨૪–૨૫માં હેલ્થકેર સેકટર માટે રૂપિયા ૯૦,૯૫૮.૬૩ કરોડની ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૧માં સમગ્ર ભારતમાં આશરે ૫૧૪ મિલિયન લોકોને આરોગ્ય વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા હતા, જે દેશના માત્ર ૩૭ ટકા લોકોને આવરી લે

છે. ભારતમાં લગભગ ૪૦૦ મિલિયન લોકો સ્વાસ્થ્ય વીમાથી હજી પણ વંચિત છે. એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, આરોગ્યસંભાળ માટેની સેવાઓ પર ખર્ચનો હિસ્સો જે વર્ષ ૨૦૧૯માં ૨૧ ટકા હતો તે વર્ષ ૨૦૨૩માં વધીને ૨૬ ટકા થયો છે.

વકતા શ્રી માસુદ વહાબે જણાવ્યું હતું કે, હેલ્થ ઇન્સ્યુરન્સ માટે બે પ્રકારની પોલિસી હોય છે, હેલ્થ ઇન્સ્યુરન્સ પોલિસી અને ફિકસ્ડ બેનીફિટ અથવા એન્ડોવમેન્ટ બેઇઝ પોલિસીનો સમાવેશ થાય છે. તેમણે હેલ્થ ઇન્સ્યુરન્સ પોલિસી માટે હોસ્પિટલાઇઝેશન, પ્રિ એન્ડ પોસ્ટ હોસ્પિટલાઇઝેશન, ડોમીસિલિઅરી હોસ્પિટલાઇઝેશન, હોસ્પિટલ ડેઇલી કેશ અલાઉન્સ, ક્રિટીકલ ઇલનેસ, કોમ્યુનિટી હેલ્થ ઇન્સ્યુરન્સ વિગેરે બાબતોની વિસ્તૃત માહિતી આપી હતી.

તેમણે ઇન્ડીવિડયુલ અથવા ફેમિલી ઇન્સ્યુરન્સ પોલિસી, ફેમિલી ફલોટર ઇન્સ્યુરન્સ પોલિસી, સિનિયર સિટીઝન્સ ઇન્સ્યુરન્સ પોલિસી, સ્પેસિફીક પોલિસી, ગૃપ પોલિસી કે જેમાં પ્રિમિયમ ઓછું આવે છે અને ટોપ ઓફ કવર પોલિસી વિશે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વ્યકિત દેશની બહાર કોઇ કામાર્થે જાય ત્યારે તેઓએ ઓવરસિઝ મેડીકલેઇમ પોલિસી લેવાની હોય છે, જેને ટ્રાવેલ ઇન્સ્યુરન્સ પોલિસી પણ કહેવામાં આવે છે. તેમણે કહયું કે, ઇન્ડીવિડયુલમાં એક પોલિસીમાંથી બીજી પોલિસીમાં જઇ શકાય છે પણ ગૃપ પોલિસીમાં આવું થતું નથી.

હેલ્થ ઇન્સ્યુરન્સ પોલિસીમાં કવર કરવામાં આવતી બાબતો જેવી કે એમ્બ્યુલન્સ ચાર્જીસ, એર એમ્બ્યુલન્સ ચાર્જીસ, મેટર્નીટી/સરોગસી, પ્રિ એન્ડ પોસ્ટ હોસ્પિટલાઇઝેશન, સિંગલ એસી રૂમ અને એકચ્યુઅલ આઇસીયુ ચાર્જીસ, ડે કેર પ્રોસિજર્સ, ડોમેસ્ટીક ટ્રાવેલ્સ એન્ડ પર્સનલ એકસીડન્ટ કવર વિશે માહિતી આપી હતી. તદુપરાંત જે બાબતોને હેલ્થ ઇન્સ્યુરન્સમાં કવર કરવામાં આવતા નથી જેવી કે પ્રિ એકઝીસ્ટીંગ ડિસીઝ, રેસ્ટ કયુર, રિહેબિલીટેશન એન્ડ રિસ્પાઇટ કેર, ઓબેસિટી/વેઇટ કન્ટ્રોલ, ચેઇન્જ ઓફ જેન્ડર ટ્રિટમેન્ટ, કોસ્મેટિક/પ્લાસ્ટીક સર્જરી, હેઝાર્ડસ/એડવેન્ચર સ્પોર્ટ્સ, ડ્રગ/અલ્કોહોલ એડીકટ્સ, વિટામિન ટોનિક, સ્ટેમ સેલ સર્જરી, વેકસીનેશન, ઇનોકયુલેશન અને ડેન્ટલ ટ્રિટમેન્ટ વિગેરે બાબતો વિશે માહિતી આપી હતી.

તેમણે સંજીવની પ્લાન્સ વિશે પણ માહિતી આપી હતી અને આ પ્લાન બધી જ હેલ્થ ઇન્સ્યુરન્સ કંપનીને એક જ ટર્મ કન્ડીશનની સાથે આપવાની પોલિસી બની છે. જો પ્રિમિયમ ભરવાનું રહી જાય તો ૩૦ દિવસનો ગ્રેસ પિરિયડ પોલિસી રિન્યુઅલ માટે હોય છે. વ્યકિત જો ત્રણ મહિના માટે વિદેશ જાય અને ત્યાંથી સકુશળ પરત ફરે તો ઓવરસિઝ પોલિસીનું ત્રણ મહિનાનું પ્રિમિયમ નેકસ્ટ પ્રિમિયમમાં એડજસ્ટ થઇ જાય છે. તેમણે હેલ્થ ઇન્સ્યુરન્સમાં મોરેટોરિયમ પિરીયડ પણ હોવાનું જણાવ્યું હતું.

હેલ્થ ઇન્સ્યુરન્સ પોલિસી હોલ્ડરને કોઇ મુશ્કેલી હોય તો ગ્રીવન્સ પર જઇને ઇન્સ્યુરન્સ કંપની સામે ફરિયાદ કરી શકે છે. તેમ છતાં તેની મુશ્કેલીનું નિવારણ નહીં આવે તો પોલિસી હોલ્ડર અનુક્રમે ડાયરેકટોરેટ ઓફ પબ્લીક ગ્રીવન્સીઝ ફોર પીએસયુ ઇન્સ્યુરન્સ કંપનીઝ, ઇન્સ્યુરન્સ ઓમ્બુડ્સમન, આર્બિટ્રેશન, કન્ઝયુમર પ્રોટેકશન એકટ, ગવર્નર્ડ્ કયુઝી જ્યુડિશિયલ કોર્ટસ, મિડિએશન અન્ડર સીપીએ અને સેન્ટ્રલ કન્ઝયુમર પ્રોટેકશન ઓથોરિટીને ફરિયાદ કરી શકે છે તેમ શ્રી માસુદ વહાબે જણાવ્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, સામાન્યપણે લોકો પાસેથી એવું સાંભળવા મળતું હોય છે કે હેલ્થ ઇન્સ્યુરન્સ પોલિસી છે પણ યોગ્ય કલેઇમ મળતો નથી. કેટલીક વખત એવું બનતું હોય છે કે વ્યકિતને હોસ્પિટલાઇઝ થવું પડે છે પણ સારા મેડિકલ કવરેજ સાથેની પોલિસીના અભાવે તેનો આર્થિક બોજો તેમના માથે આવે છે અને આખા પરિવારને આર્થિક મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. જેથી કરીને લોકોએ કયા પ્રકારની હેલ્થ ઇન્સ્યુરન્સ પોલિસી લેવી જોઇએ અને પોલિસી લેતી વખતે કવરેજ અંગે કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું જોઇએ વિગેરે મુદ્દાઓની જાણકારી લોકો સુધી પહોંચાડવાના હેતુથી ચેમ્બર દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ અને હેલ્થ ઇન્સ્યુરન્સ સેકટરની સાથે જોડાયેલા સાહસિકો તેમજ પ્રોફેશનલ્સ સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની હેલ્થ ઇન્સ્યુરન્સ કમિટીના ચેરમેન શ્રી મેહેરનોશ તોડીવાલાએ સેમિનારનું સંચાલન કરી વકતાશ્રીનો પણ પરિચય આપ્યો હતો. હેલ્થ ઇન્સ્યુરન્સ કમિટીના કો–ચેરપર્સન શ્રીમતી જ્યોત્સના ગુજરાતીએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો તેમજ હેલ્થ ઇન્સ્યુરન્સ પોલિસી લેતી વખતે ટર્મ એન્ડ કન્ડીશન અને એજન્ટને આપેલી વિગતો મુજબ ફોર્મ ભરાયો છે કે નહીં તે અંગે પણ ચકાસણી કરવાની સલાહ તેમણે લોકોને આપી હતી. વકતાશ્રીએ ઉપસ્થિત પ્રોફેશનલ્સના હેલ્થ ઇન્સ્યુરન્સ સંબંધિત વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.